# તથ્ય પત્રિકા

# વંશીય ભેદભાવ કાયદા હેઠળની ફરિયાદો

## વંશીય ભેદભાવ કાયદો શું છે?

*વંશીય ભેદભાવ અધિનિયમ ૧૯૭૫* (કો.લ્થ)(આરડીએ) હેઠળ તમારા વર્ણ, રંગ, વંશ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળ કે દેશાંતરના દરજ્જાને કારણે તમારી સાથે અન્યાય કરવો તે કાયદાની વિરુદ્ધ છે.

તેના થકી વંશીય નફરત પણ કાયદાની વિરુદ્ધ છે.

## આ કાયદાનો ઉપયોગ ક્યારે થઇ શકે છે?

જાહેર જીવનના ઘણાં ક્ષેત્રોમાં તમારી સાથે તટસ્થ વર્તન થાય તે માટે આરડીએનો ઉપયોગ કરી શકો છો:

- **રોજગાર** – નોકરી, નોકરીના નિયમો અને શરતો, તાલીમ, બઢતી મેળવવા, બરતરફ થતાં.
- **શિક્ષણ** – ખાનગી કે સરકારી શાળા, કોલેજ અથવા યુનિવર્સિટીમાં પ્રવેશ અથવા અભ્યાસ.
- **રહેઠાણ** – બેઠું ઘર અથવા બહુમાળી ઇમારતમાં ઘર ભાડે લેવું કે ખરીદવું.
- **સેવાઓ મેળવવી કે તેનો ઉપયોગ કરવો** – જેવી કે, બેંક અથવા વીમા, સરકારી ખાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ, પરિવહન અને દૂરસંચાર સેવાઓ, વકીલો, તબીબો અથવા વેપારીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી વ્યાવસાયિક સેવાઓ, ભોજનાલય, દુકાનો અથવા મનોરંજનના સ્થળો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ.
- **જાહેર સ્થળોએ પ્રવેશ** – જેવા કે, બગીચા, સરકારી કચેરીઓ, ભોજનાલયો, વિશ્રાન્તિગૃહો અથવા ખરીદી કેન્દ્રો.

## વંશીય ભેદભાવ શું છે?

જ્યારે એક વ્યક્તિ સાથે તેના વર્ણ, રંગ, વંશ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળ અથવા દેશાંતર દરજ્જાને કારણે, તેના જેવી જ પરિસ્થિતિમાં હોય તેવા બીજા વ્યક્તિની સરખામણીમાં ઓછો અનુકૂળ વ્યવહાર કરવામાં આવે ત્યારે વંશીય ભેદભાવ થયો કહેવાય. ઉદાહરણ તરીકે, જો કોઇ જમીન-મકાનનો દલાલ

કોઇ વ્યક્તિને તે એક ચોક્કસ વંશનો અથવા રંગનો હોવાને લીધે ઘર ભાડે આપવાની ના પાડે તો તે 'સીધો ભેદભાવ' થયો કહેવાય.

વંશીય ભેદભાવ ત્યારે પણ થાય છે જ્યારે કોઇ નિયમ કે નીતિ દરેકને માટે સમાન હોય, પરંતું તેની એક ચોક્કસ વર્ણ, રંગ, વંશ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળ અથવા દેશાંતર દરજ્જો ધરાવતાં વ્યક્તિઓ પર અનુચિત અસર થતી હોય. આને 'પરોક્ષ' ભેદભાવ કહેવાય. ઉદાહરણ તરીકે, જો કોઇ કંપની એવું કહે કે, કર્મચારીઓએ નોકરીના સ્થળે ટોપી કે બીજું કશું માથા પર ન પહેરવું, તો તે પરોક્ષ ભેદભાવ થઇ શકે છે, કારણ કે કેટલાક વર્ણ/વંશીય પૃષ્ટભૂમિ ધરાવતા લોકો પર તેની અયોગ્ય અસર થવાની શક્યતા છે.

## વંશીય નફરત શું છે?

જાહેરમાં કોઇ વ્યક્તિના અથવા જનસમુદાયના વંશ, રંગ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળના આધારે એવું કંઇક કરવું કે જે તેમના માટે **મન દુભાવનારું, અપમાનીત કરનારું, શરમિંદું કરનારું કે ડરાવનારું** હોય તો તે કાયદાની વિરુદ્ધ છે.

વંશીય નફરતના ઉદાહરણોમાં, વંશીય રીતે:

- વાંધાજનક સામગ્રી કે જેમાં ઇન્ટરનેટ પર ઇ-ફોરમ(ચર્ચા), બ્લોગ્સ, સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ અને વીડિયો શેરિંગ સાઇટ્સનો સમાવેશ થાય છે
- વાંધાજનક ટિપ્પણીઓ અથવા ચિત્રો, છાપાંમાં, સામાયિકોમાં અથવા ચોપાનીયામાં પ્રકાશિત કરવા
- જાહેર સભાઓમાં વાંધાજનક ભાષણો
- જાહેર સ્થળો જેવા કે દુકાનો, નોકરીના સ્થળો, બગીચા, પરિવહનનાં સાધનો અથવા શાળામાં અપમાનજનક ટિપ્પણીઓ
- ખેલાડીઓ, દર્શકો, શિક્ષકો (રમતના) અથવા અધિકારીઓ દ્વારા રમતગમતના કાર્યક્રમોમાં અપમાનજનક ટિપ્પણીઓ.

## જાતિ પર આધારિત આક્રમક વર્તન ક્યારે કાયદાની વિરૂદ્ધ નથી?

આરડીએનો ઉદ્દેશ મુક્ત સંવાદના અધિકાર ('વાણી સ્વાતંત્ર્ય') અને વંશીય નફરતથી મુક્ત રહેવાના અધિકાર વચ્ચે સંતુલન જાળવવાનો છે. આરડીએ કહે છે કે, જો નીચેની બાબતો "**વ્યાજબી રીતે અને સદ્ભાવનાથી**" કરવામાં આવે તો તે કાયદાની વિરુદ્ધ નથી:

- **કલાત્મક કાર્ય અથવા પ્રદર્શન** – ઉદાહરણ તરીકે, જો નાટકમાં પાત્ર દ્વારા વંશીય આક્રમક વલણને વ્યક્ત કરવામાં આવ્યું હોય.

- **શુદ્ધ શૈક્ષણિક અથવા વૈજ્ઞાનિક હેતુઓ માટે કરવામાં આવેલ નિવેદન, પ્રકાશન, ચર્ચા અથવા દલીલ** – ઉદાહરણ તરીકે, ચોક્કસ જનસમુદાય માટે દેશાંતર, બહુસાંસ્કૃતિકવાદ અથવા વિશેષ પગલાં જેવી જાહેર નીતિઓ પર ચર્ચા અને દલીલો.

- **જાહેર હિતની બાબતમાં યોગ્ય અને સચોટ અહેવાલ બનાવવો** – ઉદાહરણ તરીકે, વંશીય આક્રમક વર્તન વિષે છાપામાં તટસ્થ અહેવાલ.

- **તટસ્થ ટિપ્પણી કરવી,** જો તે ટિપ્પણી જે તે વ્યક્તિની સાચી માન્યતાની અભિવ્યક્તિ હોય.

## જો મને ભેદભાવ કે વંશીય નફરતનો અનુભવ થાય તો હું શું કરી શકું?

તમે સીધી જે તે વ્યક્તિ કે લોકો તેમાં સામેલ હોય તેમની સાથે જ વાત કરી શકો છો.

જો તેનાથી ઉકેલ ન આવે અથવા તમને તેમ કરવાનું અનુકૂળ ન લાગતું હોય તો, તમે ઓસ્ટ્રેલિયન માનવ અધિકાર સંઘને ફરિયાદ કરી શકો છો. તમે તમારા વતી કોઇ વકીલ, ધારાશાસ્ત્રી અથવા મજૂરસંઘ દ્વારા પણ ફરિયાદ કરાવી શકો છો.

સંઘને ફરિયાદ કરવામાં ખર્ચ થતો નથી.

તમારી ફરિયાદ લેખિતમાં હોવી જરૂરી છે. સંઘનું એક ફરિયાદ ફારમ છે જે તમે ભરીને તેને ટપાલ મારફતે અથવા ફેક્સ કરીને અમને મોકલી શકો છો અથવા અમારી વેબસાઇટ પર તમે ઓનલાઇન ફરિયાદ પણ દાખલ કરી શકો છો. જો તમે તમારી ફરિયાદ લખી શકો તેમ ન હોવ તો અમે તમને મદદ કરી શકીએ છીએ.

તમારી ફરિયાદ માન્ય રહે તે માટે, તેમાં વાજબી દલીલો હોવી જોઇએ કે જેની તમે ફરિયાદ કરી રહ્યા છો તે ગેરકાયદેસરનો ભેદભાવ છે અને તમારા આરોપો વિશે તમારે પૂરતી માહિતી આપવી જોઇએ, જેમકે શું થયું, ક્યારે થયું અને ક્યાં થયું અને તેમાં કોણ સામેલ હતું.

ફરિયાદ કોઇ પણ ભાષામાં હોય શકે છે. જો તમારે અનુવાદક અથવા દુભાષિયાની જરૂર હોય તો અમે તેની વ્યવસ્થા કરી શકીએ છીએ.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

ઓસ્ટ્રેલિયન માનવ અધિકાર સંઘના સંપર્કની વિગતો:

**ફોન**
રાષ્ટ્રીય માહિતી સેવા: ૧૩૦૦ ૬૫૬ ૪૧૯ અથવા (૦૨) ૯૨૮૪ ૯૮૮૮
ટીટીવાય: ૧૮૦૦ ૬૨૦ ૨૪૧ (કર મુક્ત)
ફેક્સ: (૦૨) ૯૨૮૪ ૯૬૧૧

**ટપાલ**

GPO Box 5218
Sydney NSW 2001

ઓનલાઇન

ઇ-મેઇલ: infoservice@humanrights.gov.au

વેબસાઇટ: www.humanrights.gov.au

તમે ઓનલાઇન ફરિયાદ

www.humanrights.gov.au/complaints_information/online_form/index.html પર કરી શકો છો.

જો તમે બધિર હોવ અથવા શ્રવણશક્તિમાં ખામી હોય તો ૧૮૦૦ ૬૨૦ ૨૪૧ પર ટીટીવાય મારફતે અમારો સંપર્ક કરી શકો છો. જો તમારે ઓસ્લાન દુભાષિયાની જરૂર હોય તો, અમે તેની વ્યવસ્થા કરી શકીએ છીએ.

જો તમે અંધ હોવ અથવા દૃષ્ટિમાં ખામી હોય તો, અમને જણાવશો તો અમે માહિતી વૈકલ્પિક સ્વરૂપમાં ઉપલબ્ધ કરાવી શકીએ છીએ.

## વંશીય નફરત વિશે ફરિયાદો માટે અન્ય સંપર્કના સ્થાનો

જો તમે વાંધાજનક પ્રચાર માધ્ય વાર્તાઓ, પ્રસારણો અથવા ઓનલાઇન સામગ્રી વિશે ચિંતિત હોવ તો તમે, ઓસ્ટ્રેલિયન કોમ્યુનિકેશન્સ એન્ડ મીડિયા ઓથોરિટી (એસીએમએ); ધી એડવર્ટાઇઝિંગ સ્ટાન્ડર્ડસ્ બોર્ડ ફોર એડવર્ટાઇઝમેન્ટ્સ; અથવા ધી ઓસ્ટ્રેલિયન પ્રેસ કાઉન્સીલ ફોર ન્યુઝપેપર સ્ટોરીઝને ફરિયાદ કરી શકો છો. તમે જે તે પ્રચાર માધ્યમ સંસ્થાના સંપાદક અથવા વ્યવસ્થાપકને પણ ફરિયાદ કરી શકો છો.

જો તમે પડોશી દ્વારા વાંધાજનક વર્તન અંગે ચિંતિત હોવ, તો તમે આ સમસ્યાનું સમાધાન કરવા માટે સામુદાયિક ન્યાય કેન્દ્રનો સંપર્ક કરી શકો છો અથવા જો તમે જાહેર આવાસમાં રહેતા હોવ તો તમે હાઉસિંગ વિભાગનો સંપર્ક કરી શકો છો.

## જો તમને હિંસાની ધમકી આપવામાં આવી હોય અથવા તમારા પર હિંસક હુમલો થયો હોય તો પોલીસ પાસે જશો.

## સામાન્ય કાનૂની સલાહ

જો તમે ફરિયાદ કરવા વિશે વિચારી રહ્યા હોવ, તો કદાચ તમે કાનૂની સલાહ લેવાનું પણ વિચારો અથવા તમારા મજૂરસંઘનો સંપર્ક કરો. સમુદાય કાનૂની સેવાઓ ઉપલબ્ધ છે જે ભેદભાવ અને સતામણી વિશે મફત સલાહ આપી શકે છે. તમારા નજીકના સમુદાય કાનૂની કેન્દ્રનો www.naclc.org.au/directory પરથી સંપર્ક કરી શકો છો.

**અસ્વીકરણ: આ તથ્ય પત્રિકામાં આપેલ માહિતીઓ ફક્ત માર્ગદર્શન માટે જ છે. તે કાનૂની સલાહનો વિકલ્પ નથી.**